BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY UGC

# રોજગાર કચેરી દ્વારા અમદાવાદમાં ૭ જાન્યુઆરીએ ક્લસ્ટર કક્ષાનો રોજગાર ભરતી મેળો યોજાશે

(અમદાવાદ માહિતી ખાતા દ્વારા)

અમદાવાદ,તા.૦૫

શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, નિયામક શ્રી રોજગાર અને તાલીમના તાબા હેઠળની મદદનીશ નિયામક રોજગારની કચેરી અમદાવાદ અને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ૭મી જાન્યુઆરીના રોજ સવારે ૧૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,અમદાવાદ ખાતે ક્લસ્ટર કક્ષાનો રોજગાર ભરતી મેળો યોજાશે, જેમાં નામાંકિત અગ્રગણ્ય કંપનીઓ ઉપસ્થિત રહી નોકરી ઓફર કરશે.“ આ ભરતી મેળામાં સર્વિસ સેક્ટર, મેન્યુફેક્ચરિંગ સેક્ટર, બેકિંગ સેક્ટર,ફાર્માસ્યુટિકલ સેક્ટર, લોજિસ્ટીક સેક્ટર સહિતના સેક્ટરની ૪૫થી વધુ કંપનીઓ કંપનીઓ ઉપસ્થિત રહી ફિલ્ડ સેલ્સ, સુપરવાઈઝર, સેલ્સ & માર્કેટિંગ, મીકેનીકલ એંજ.સ્ટોર એકઝીક્યુટીવ, ટેકનીશ્યન, એન્જીનીયર, સીએનસી વીએમસી ઓપરેટર, પ્રોડકશન સુપરવાઈઝર ઈલેકટ્રીકલ, ઈલેકટ્રીશ્યન ફીટર, વેલ્ડર, સર્વિસ એન્જીનીયર, એપ્રેન્ટીસ, એફટીસી,બેક ઓફીસ,સેન્ટર મેનેજર, ટેકનીકલ, રીલેશનશીપ મેનેજર વેરહાઉસ, ડીલેવરી એકઝીક્યુટીવ વગેરે જેવી ૧૫૦૦થી વધારે જગ્યાઓ માટે સ્થળ પરથી જ ઈન્ટરવ્યું લેશે.“““ધોરણ ૭ પાસથી ૧૦ પાસ, ૧૨ પાસ, કોઈપણ ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, આઈટીઆઈ ઓલ ટેકનીકલ ટ્રેડ, ડીપ્લોમાં, બીઈ, બી.ટેક, વગેરે જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો આ રોજગાર ભરતી મેળામાં ભાગ લઈ શકશે. આથી રોજગાર મેળવવા ઉત્સુક ઉમેદવારોએ બાયોડેટાની ત્રણ કોપી સાથે રાખી તા. ૦૭/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી,અમદાવાદ ખાતે ઉપસ્થિત રહેવા મદદનીશ નિયામક રોજગારની કચેરી અમદાવાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કિરણ ઉત્કર્ષ

કિરણ ઉત્કર્ષ તારીખ : 05/01/2026